મે.ધોળકાના એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

મુ: ધોળકા.

**ક્રિમીનલ કેસ નં.૨૩૯૪/૨૦૨૨**

આંક: ૧

ફરિયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત

**:: વિરુધ્ધ ::**

આરોપી:- ધર્મેન્દ્રભાઈ જુધાભાઈ ઠાકોર

**આરોપ : -ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯ મુજબ**

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સવિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીગ રાખેલ છે.

(૧.૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે,આરોપીએ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારેલ હોઈ. જેથી ધોળકા પો.સ્ટે.માં ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯ મુજબનો ગુનો નોંધાવતા,આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળા આવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવે છે.

(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી આંક..૩... થી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની પુરશીશ આંક: ..૪.... થી ગુન્હા કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન- મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.

(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ

ચુકાદાનાં પાના નં- ૭૨૧ ઉપર પેરા-૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-::હુકમ::-**

(૧)- આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૨ મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯ મુજબના ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે તથા આરોપીને રૂ...૩૦૦........./-(અંકે.ત્રણસો.... પુરા)પુરાનો દંડ ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **સ્પેશીયલ સીટીંગ નેશનલ લોક અદાલતમાં** વાંચી જાહેર કર્યો.

( એચ.એસ.લાંગા)

**તારીખ:-૧૨/૧૧/૨૦૨૨**

સ્થળ: ધોળકા.

**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ,ધોળકા.**

**Judge Code No-GJ01000**

Receipt 97

FINE/PENALTY
Received Rs. 300/-
Dt. 12/11/2022 Nazir.